ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૯૭ ટકા

# શહેરના રેસ્ટોરેન્ટમાં વિક-એન્ડ ઉપર ભારે ભીડ

## શનિવાર અને રવિવારની સાંજે નગરના નવા વિસ્તાર ઇન્ફોસિટી, રિલાયન્સ ક્રોસ રોડ, સરગાસણમાં આવેલી રેસ્ટોરન્ટની બહાર વેઇટીંગ અને રેસ્ટોરન્ટની અંદર છલોછલ જમતા નગરજનો



ગાંધીનગર, તા.૩૦

કોરોનાની મહામારીને કારણે લાંબા સમયનું લોક ડાઉન જાહેર કરવામાં આવ્યું હતું ત્યારબાદ ધીરે ધીરે સરકાર દ્વારા અનલૉક જાહેર કરી થોડી ઘણી છુટ છાટ સાથે હવે અનલૉક ૪ આવવા જઈ રહ્યું છે ત્યારે અનલૉક ૪ બાદ ધીરે ધીરે કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં વધુ છુટ છાટ મળશે તેમ જણાવવામાં આવી રહ્યું છે. પરંતુ હજી પણ કોરોનાના કેસમાં કોઈ ખાસ ઘટાડો જોવા મળતો નથી.એટલે ભલે ગમે તેટલી છૂટછાટ મળે પરંતુ નગરજનો એ પોતપોતાની રીતે યોગ્ય જાળવણી રાખવી જરૂરી બની છે. કારણકે નગરમાં પણ દિવસે ને દિવસે કોરોનાના કેસમાં વધારો થતો જણાઈ રહ્યો છે. જો યોગ્ય સારસંભાળ લેવામાં આવે તો કોરોનાના કેસ દિવસેને દિવસે હજુ પણ વધતા જશે. પરંતુ અમુક વિસ્તારમાં લાગી રહ્યું છે કે નગરમાં દિવસેને દિવસે વધતા જતા કોરોના ના કેસ ને કોઈ સિરિયસલી લઇ રહ્યું નથી . નગરમાં ઘણા રેસ્ટોરન્ટમાં તો સખત ભીડ જોવા મળે છે. આ ઉપરાંત અમુક પિત્ઝા સેન્ટરની બહાર તો વેઈટિંગ પણ જોવા મળે છે. નગરના યુવાનો તથા અમુક મોટાઓ એ હદે શોખીન છે કે, કોરોનાને તો સાવ ભૂલી જ ગયા છે તેમ લાગી રહ્યું છે. જ્યારે લોકડાઉન દરમિયાન રેસ્ટોરન્ટ અને હોટલ ખૂલ્યા ન હતા ત્યારે લાગતું હતું કે કોરોનાના ભયને કારણે જો રેસ્ટોરન્ટ ખોલશે તો પણ નગરજનો કોઈ ખાસ કારણ સિવાય ત્યાં જમવા માટે નહીં જાય પરંતુ આ વાત નગરજનોએ તદન ખોટી પુરવાર કરી છે તેમાં પણ શનિવાર અને રવિવારની સાંજે તો નગરના નવા વિસ્તાર ઈન્ફોસિટી, રિલાયન્સ ક્રોસ રોડ, સરગાસણમાં આવેલી રેસ્ટોરન્ટની બહાર વેઈટીગ અને રેસ્ટોરન્ટની અંદર છલોછલ જમતા નગરજનો નજરે ચડે છે. તેમાં પણ અનલિમિટેડ પિત્ઝા ખાવાનો શોખ તો કંઈક અલગ જ જણાઈ રહ્યો છે. સૌથી વધુ ભીડ નગરના પિત્ઝા સેન્ટરની બહાર જ જોવા મળે છે. આ ઉપરાંત અનેક નગરજનો તો રસ્તા ઉપરની લારી પર પાણીપૂરી પણ ખાતા જોવા મળે છે અને તે પણ સોશિયલ ડિસ્ટન્સ જાળવણી કર્યા વગર. એક બાજુ સરકાર રસ્તા ઉપર માસ્ક ન પહેર્યા હોય તેવા લોકોને દંડ કરે છે અને બીજી બાજુ ખુલ્લા રસ્તે લારી ઉપર નગરજનો માસ્ક વગર પાણીપુરી કે અન્ય નાસ્તો કરતા જણાય છે. ગાડીમાં બેસીને માસ્ક ન પહેરવું એટલું જોખમી નથી જેટલું નગરના રસ્તાઓમાં માસ્ક વગર ઉભા રહીને નાસ્તો કરવો તે છે. આજે તમામને પોત પોતાનું ગુજરાન ચલાવવાનું છે એટલે પોતાની રીતે તેઓ ધંધો કરશે જ અને કોરોનાને લગતા અમુક નિયમો પાળી ને કરવો પણ જોઈએ.

પરંતુ નગરજનોએ વારાફરથી જઈને જમવું કે એક હોટલની અંદર જો વધારે માણસોની ભીડ હોય તો થોડીવાર અલગ જગ્યાએ જઈને રાહ જોવી તે કરવું જ પડશે નહીં તો કોરોના ક્યારે ય જશે જ નહીં. હવે નક્કી નગરજનોએ પોતે જ નક્કી કરવાનું છે કે તેઓ કોરોનાથી ખરેખર બચવા માંગે છે કે કોરોના સંક્રમણમાં આવવા માંગે છે જો બચવા માંગતા હોય તો અમુક કુટેવોને સુધારવી જરૂરી બને છે.

# ગાંધીનગરમાં મહોરમની સાદાઈથી ઉજવણી

ગાંધીનગર, તા.૩૦

કોરોનાના કહેર વચ્ચે ૫૦ વર્ષમાં પહેલી વખત શહેરમાં તાજીયાનું જુલુસ નીકળ્યું ન હતું. ઘરે ઘરે સાદાઈથી મહોરમની ઉજવણી કરવામાં આવી હતી.

કોરોનાના વધતા કેસના કારણે તાજીયાનું જુલુસ નીકાળવાની મંજૂરી આ વખતે આપવામાં આવી ન હતી. આ કારણે ૫૦ વર્ષમાં પહેલી વખત શહેરમાં તાજીયાનું જુલુસ નીકળ્યું ન હતું. દર વર્ષે મહોરમના દિવસે શહેરના જુના વિસ્તારોમાં રોનક જોવા મળે છે. સેકટર-૨૪, સેકટર-૨૮, સેકટર-૨૯ અને સેકરટ-૨૧ના વિસ્તારમાં તાજીયા બનાવાય છે અને 'યા' હુસેના નારા સાથે શહેરમાં જુલુસ નીકળે છે. જો કે આ વખતે દર વખત કરતાં જુદો જ માહોલ શહેરમાં જોવા મળ્યો હતો. કોરોનાના કહેરના કારણે કોઈ પણ પ્રકારના ધાર્મિક જુલુસ કે મેળાવડા યોજવાની પરવાનગી આપવામાં આવી ન હોવાથી તાજીયાનું જુલુસ નીકળ્યું ન હતું. મુસ્લિમ બિરાદરોએ ઘરમાં જ રહી મહોરમની સાદાઈથી ઉજવણી કરી હતી. કેટલાક સ્થળોએ ઓનલાઈન તકરીર અને વાઈઝના કાર્યક્રમો યોજાયા હતા કોઈ સ્થળે ભીડભાડ જોવા મળી ન હતી.

# અક્ષયપાત્રની મદદથી આપણું ફાઉન્ડેશનની જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન સેવા




ગાંધીનગર, તા.૨૯

આપણું ફાઉન્ડેશન દ્વારા સેવા વસ્તી જીઈબી વિસ્તારની સરકારી શાળામાં ભણતા વિદ્યાર્થીઓ અને તેમનો જરૂરિયાતમંદ પરિવાર એમ કુલ ૩૦૦ લોકોને એમના ઘરે જ અક્ષયપાત્રની મદદથી મધ્યાહન ભોજન પુરું પાડવામા આવ્યુ હતુ.

હજુ પણ કોરોના મહામારી કારણે સરકારી શાળાઓ શરૂ કરવામાં આવી નથી. આ સ્થિતિમાં સરકારી શાળાઓમાં અભ્યાસ કરતાં ગાંધીનગરના જીઈબી કોલોની પાસેના છાપરાં ખાતેની સેવા વસ્તી વિસ્તારના જરૂરિયાતમંદ વર્ગના બાળકોને અક્ષયપાત્ર દ્વારા મધ્યાહન ભોજન સેવા ગાંધીનગરની સેવાભાવી યુવાનોની સંસ્થા આપણું ફાઉન્ડેશનની મદદથી પૂરી પાડવામાં આવી રહી છે. આ સેવાકિય પ્રવૃત્તિ માટે જે પણ સ્વયંસેવક માટે જોડાવા માગતા હોય એ લોકો સંસ્થાનો મોબાઈલ નંબર - ૯૧૯૧૫૭૧૫૮૧૫૮ પર સંપર્ક કરી શકે છે. સેવા માટેનો સમય બપોરે ૧૨ થી ૧ નો રહેશે.







સેકટર-૩માં વરસાદી પાણીની પાઈપલાઈનનું કામ ચાલુ હોવાથી રોડ ઉપર કાદવ કિચડ જોવા મળી રહ્યો છે. કાદવ કિચડના કારણે વસાહતીઓને ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે. સતત વરસાદના કારણે કાદવ કિચડ વધુ થતાં અહીં ખૂબ જ ગંદકી જોવા મળી રહી છે.

# ચ-૨ પાસેથી ૧૨ બોટલ દારૂ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન ચ-૨ સર્કલ સેકટર-૨ ના ખુણા પાસેથી વિદેશી દારૂની ૧૨ બોટલ સાથે એક યુવકને પકડી પાડ્યો હતો. જયારે અન્ય એક યુવક ભાગી ગયો હતો. પોલીસે રૂ.૩૮૪૦ ની ૧૨ બોટલ દારૂ અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.૮૮૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન શનિવારના રોજ રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં ચ-૨ પાસે બે યુવકો શંકાસ્પદ હાલતમાં થેલા સાથે જોવા મળ્યા હતા. પોલીસને જોઈને એક શખ્સ દોડીને ભાગી ગયો હતો. જયારે બીજો યુવક પોલીસના હાથે પકડાઈ ગયો હતો. પોલીસે યુવકનો થેલો ચેક કરતા તેમાંથી વિદેશી દારૂની ૧૨ બોટલ મળી આવી હતી. પોલીસે પકડી પાડેલા શખ્સનું નામ પુછતા તેણે સેકટર-૪ ખાતે રહેતો આશીક નાનજીભાઈ ગામેતી (પ્લોટ નં.૧૦૫૮-૨) હોવાનું સામે આવ્યું હતું. જયારે દોડીને નાસી છુટેલા શખ્સ સેકટર-૨ માં રહેતો મનોજ જયંતિભાઈ રાઠોડ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ૧૨ બોટલ દારુ કિં.રૂ.૩૮૪૦ તેમજ એક મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૮૮૪૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.પોલીસે બંન્ને યુવકો સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સે-૨૪ ખાતે વરલી-મટકાનો જુગાર રમતા ૪ ઝડપાયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથકના જવાનોએ સેકટર-૨૪ ખાતે વરલી-મટકાનો જુગાર અને ક્રિકેટ મેચ પર સટ્ટો લેતા ચાર શખ્સોને પકડી પાડ્યા છે. વરલી-મટકામાં પકડાયેલા શખ્સોમાં એક પછી એક નામ ચાર નામ ખુલ્યા હતા. જયારે ક્રિકેટ મેચ પર સટ્ટો લેવામાં આવતો હોવાનું પણ ધ્યાને આવ્યું છે. પોલીસે પકડી પાડેલા ચાર શખ્સો પાસેથી રૂ.૧૦,૬૭૦ રોકડા અને રૂ.૧૪ હજારની કિંમતના ૩ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૨૪,૬૯૨ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ ગતરોજ સાંજના સુમારે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સેકટર-૨૪ લકી ઓટો પાર્ટસ નામની દુકાન પાસે વરલી મટકાનો જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે રેઈડ પાડીને આંક લખતા ઈમ્તીયાઝહુસૈન અહેમતહુસૈન રાઠોડ (ઉં.૪૯ શ્રીનગર સે-૨૪) તેમજ જેની પાસે આંક લખાવા માટે આવેલ પ્રકાશ રાજુભાઈ પુવાર (ઉં.૩૫ શ્રીનગર)પકડાયા હતા. વરલીના કટીંગ અંગે પુછતાછ કરતા અકબર નામના શખ્સનું નામ બહાર આવ્યું હતું. જેને પગલે પોલીસે પીળાપટ્ટાની અંદર એપોલો ઓટો ગેરજ ધરાવતા અકબર હસુભાઈ અજમેરી (ઉં.૪૦ સે-૫ બી પ્લોટ નં.૧૪૯૪-૨)ને પકડી પાડ્યો હતો.અકબર પાસેથી વરલીનું લખાણ લખતા ગોવિંદભાઈ પટેલ (ઉં.૫૮ કોલવડા)ને સે-૨૪ સાંઈબાબા મંદિર નજીકથી પકડી પાડ્યા હતા. પોલીસે આરોપીનો મોબાઈલ ચેક કરતા તેમાં એક એપ્લીકેશન મળી આવી હતી. જે એપ્લીકેશન ઓપન કરતા યુરોપિયન ક્રિકેટ ટી-૧૦ કપની મેચો પર રમેલી રકમના કપાયેલા પૈસા લખેલા હતા. જે ક્રિકેટ સટ્ટાનું આઈડી તેને સે-૨૫ ખાતે રહેતા અશ્વિનસિંહ વાઘેલા હોવાનું સામે આવ્યું હતું. જે હાલના સમયે વોન્ટેડ છે. પોલીસે પકડી પાડેલા શખ્સો પાસેથી રોકડ, મોબાઈલ મળી કુલ રૂ.૨૪,૬૯૨ નો મુદ્દામાલ કબ્જે કરી પાંચ શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ભાટ મધર ડેરીના ગેટ પાસેથી રીક્ષાની ચોરી

ગાંધીનગર, તા. ૩૦

અમદાવાદ સોમા ટેકસટાઈલ મીલની ચાલી ખાતે રહેતા લાલાભાઈ ચમનભાઈ રાવળ (ઉં.૩૬) પોતાના પરિવાર સાથે રહે છે. જયારે લાલાભાઈ રાવળ ભાટ ગામ ખાતે આવેલ મધર ડેરીમાં લેબર તરીકે એસ.આઈ.જી.વિભાગમાં હેલ્પરીંગનું કામ કરે છે અને આવનજાવન માટે રીક્ષાનો ઉપયોગ કરે છે. ગત તા.૨૬ ના રોજ સવારે ભાટ મધર ડેરીના ગેટ સામે રીક્ષા પાર્ક કરીને લાલાભાઈ નોકરી પર ગયા હતા અને સાંજના ૭ વાગે પરત ફર્યા હતા. ત્યારે પોતાની પાર્ક કરેલી જગ્યા પર રીક્ષા ન હતી. જેને પગલે આસપાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ કરી પરંતુ આજદિન સુધી મળી ન આવતા આખરે તેમણે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૧૦ હજારની રીક્ષા ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# એસઆરપી કોલોનીમાં વરસાદી પાણીના ભરાવાથી બદતર હાલત

## ડીએસપી કચેરી સંલગ્ન એસઆરપી કોલોનીનો મુખ્ય માર્ગ ધોવાઇ જતા માટીનું પુરાણ કરવું પડ્યું : કોલોનીમાં ઠેર ઠેર પાણીના નાના મોટા ખાબોચિયા ભરાયા : કોલોનીવાળા માર્ગે ડીએસપી કચેરી જવું દુષ્કર બન્યું







ગાંધીનગર, તા. ૩૦

પાટનગરમાં સતત વરસાદ વરસી રહ્યો છે જેના કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે. ગાંધીનગરના સેક્ટર-૨૭માં જયાં જિલ્લા પોલીસ વડાની કચેરી આવેલી છે તેને સંલગ્ન એસઆરપી કોલોનીમાં આવન-જાવનના મુખ્ય માર્ગ પર જ પાણીના ભરાવાને કારણે માટી પુરાણ કરવાની જરૂર પડી છે પરંતુ માટી પુરાણ કરવા છતાં ત્યાંથી પસાર થવું વાહન ચાલકો માટે દુષ્કર બન્યું છે. સમગ્ર કોલોનીમાં પણ ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો થવાને કારણે કોલોનીના રહીશો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે.

કોરોના મહામારી હોય કે રોજબરોજની જિંદગી હોય રાત દિવસ દરેક સમયે ખડેપગે સેવા આપતા પોલીસ કર્મચારીઓ જ્યાં રહે છે તે એસઆરપી ક્વાર્ટર્સ ખાતે વરસાદના કારણે મુખ્ય રસ્તો તો ધોવાઈ જવા પામ્યો છે પરંતુ તે સાથે સમગ્ર કોલોનીમાં ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો થવા પામ્યો છે જેના કારણે પોલીસકર્મીઓ સહિત તેમના પરિવારજનો માટે ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. કોલોનીની લગભગ દરેક ગલીઓ અને ચોકઠામાં વરસાદી પાણીના નાના મોટા ખાબોચિયાં ભરાયાં હોવાથી રાહદારી હોય કે વાહનચાલક સૌને આવન-જાવનની હાલાકી ભોગવવી પડી રહી છે, એટલું જ નહીં વાહનો પાર્ક કરવામાં પણ મુશ્કેલી પડી રહી છે. જે મુલાકાતીઓ સેક્ટર-૨૭માંથી પ્રવેશ મેળવી ડીએસપી કચેરી જવું હોય તેઓ સીધેસીધા મુખ્ય માર્ગે તો જઈ શકતા નથી પરંતુ તેમને કોલોનીમાં જુદી જુદી લાઈનોમાં ફરી ફરીને પાણીના ખાબોચિયા પાર કરીને જવું પડે છે. એસઆરપી કોલોનીનો મુખ્ય માર્ગ કાચો હોવાને કારણે દર વર્ષે આ હાલત સર્જાય છે ત્યારે આ મુખ્ય માર્ગને આરસીસી રોડ બનાવાય તેવી કોલોની રહીશોમાં માંગ પ્રવર્તી રહી છે.

અત્યારે તો કોલોનીના રહીશો માટે તો કોલોનીમાં જ આવેલા મંદિર કે શોપીંગ સેન્ટર જવું દુષ્કર બન્યું છે. એટલું જ નહીં પરંતુ કોલોનીમાં ભરાયેલા વરસાદી પાણીને કારણે માખી-મચ્છર જેવાં રોગજન્ય જીવાણુંઓનો ઉપદ્રવ વધી રહ્યો છે જેના કારણે રોગચાળો ફેલાય તેવી શક્યતા ઉભી થઈ છે. સત્વરે કોલોનીમાં ભરાતા વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થાય અને સમગ્ર કોલોનીમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

## ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ ભેમાભાઈ જેમાભાઈ, ઉ.વ. ૫૯, કુંડાળ, તા. કડી-મહેસાણા
- સ્વ. ઠાકોર કાનાજી બેચરજી, ઉ.વ. ૬૩, પરબતપુરા, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ બાબુભાઈ વિઠ્ઠલદાસ, ઉ.વ. ૭૭, દેલવાડ, તા.માણસા
- સ્વ. રબારી જામબેન માલજીભાઈ, ઉ.વ. ૭૦, પીંપળજ, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર મણીબેન શકરાજી, ઉ.વ. ૬૮, દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. ચૌહાણ વનીતાબેન લાલસિંહ, ઉ.વ. ૩૨, સોજા, તા. માણસા
- સ્વ. પ્રથણ વનરાજસિંહ રાણા, ઉ.વ. ૫, વસઈ ડાભલા, તા. વિજાપુર